મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૩૭ ટકા

**ગાંધીનગર તાપમાન**

# પાટનગરથી રૂઠયો વરસાદ, વધ્યો બફારોને ઉકળાટ....!!

## શહેરમાં ઉનાળાનો અંત આવતો નથી : ઉકળાટ-બફારા સાથે ગરમીનો પારો ૩૯ ડિગ્રી સે. : છેલ્લા ચાર દિવસથી સતત ગરમીમાં વધારો નોંધાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સતત એક સપ્તાહથી ભારે ઉકળાટ સહી રહ્યું છે અને 'વરસાદ'ને ઝંખી રહ્યું છે. અષાઢ મહિનો બેસી ગયો છતાં શહેરમાં હજુ સુધી મેઘમહેર થવા પામી નથી અને સતત ઉકળાટ-બફારાના માહોલમાં છેલ્લા ચાર દિવસમાં ગરમીનો પારો વધતો વધતો ૩૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતા ઉનાળાની ઋતુનો અનુભવ પાટનગર વાસીઓને થઈ રહ્યો છે. જાણે એવું લાગી રહ્યું છે કે ઉનાળો હજુ પણ પુરો નથી થયો. દિવસભર શહેરમાં



ઉકળાટ-બફારા સાથે ગરમીનું પ્રમાણ પણ રહેતા શહેરીજનો ત્રસ્ત થઈ જવા પામ્યા છે. ઘર હોય કે ઓફિસ-દુકાન પરંતુ એસી કે પંખા વગર દિવસ પસાર કરવો દોહ્યલો થઈ પડયો છે. જુલાઈ માસ અડધો વીતવા આવ્યો છતાં હજુ પણ શહેરમાં ચોમાસું બેઠું નથી. જાણે મેઘરાજા ગાંધીનગરથી રિસાઈ ગયા હોય તેવી સ્થિતિનો અનુભવ થઈ રહ્યો છે. શહેરમાં આજે મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સે. નોંધાયું હતું અને લઘુત્તમ તાપમાન ૨૮.૬ ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા એક સપ્તાહથી લઘુત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રીની આસપાસ રહે છે જયારે મહત્તમ તાપમાન ૩૬-૩૭ ડિગ્રીથી વધીને ૩૯ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. ભેજનું પ્રમાણ પણ વાતાવરણમાં છેલ્લા ચાર દિવસ દરમિયાન સવારે ૮૫ ટકાથી ઘટીને ૭૬ ટકા સુધી આવી ગયું છે. જેનું સાંજે પ્રમાણ માત્ર ૩૭ ટકા જ નોંધાયું હતું. જે વાતાવરણમાં રહેલા સુકારાને દર્શાવે છે. શહેરના આકાશમાં આમ તો રોજ આછા-પાતળા વાદળો ઘેરાયેલા જોવા મળે છે જે વરસાદની આશા તો જન્માવે છે પરંતુ માત્ર ઉકળાટ-બફારામાં વધારો કરી જતા રહે છે. શહેરીજનો સતત વરસાદ ઝંખી રહ્યા છે પરંતુ મેઘરાજા કયારે મહેર કરશે તેના કોઈ પાક્કાં વાવડ જણાતાં નથી.

### પાટનગરનું પ્રાકૃતિક સૌંદર્ય જળવાઈ રહે તે માટે મેઘમહેર જરૂરી

ગાંધીનગર બાગ-બગીચા અને વનરાજી સાથે ખુલ્લા મેદાનો ધરાવતું શહેર છે તેથી શહેરમાં હરિયાળી સારા એવા પ્રમાણમાં જોવા મળે છે વળી, શહેરમાં મોટા ભાગના શહેરીજનો પોતાના પ્લોટમાં કે તેની આસપાસ પોતાના નાનકડાં બગીચા વિકસાવીને બેઠા છે. શહેરમાં આ વર્ષે વૃક્ષારોપણ પ્રવૃત્તિમાં પણ ઉછાળો આવ્યો છે અને અસંખ્ય વૃક્ષોનું વાવેતર દિન-પ્રતિદિન થઈ રહ્યું છે. આ સ્થિતિમાં શહેરનું આ પ્રાકૃતિક સૌંદર્ય જળવાઈ રહે અને હરિયાળી સંપદાનું જતન થાય તે હેતુથી હવે શહેરમાં ઝડપથી 'મેઘમહેર' થાય અને સંતોષકારક થાય તે અત્યંત જરૂરી બન્યું છે. જો એવું થાય તો જ શહેરના પ્રકૃતિ પ્રેમી નાગરિકોના હૈયે ટાઢક થાય તેમ છે.

## રવિવારે સવાર ટ્રી સમિટ ફોલોઅપ મિટીંગનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લાના કલોલની સંસ્થા ગ્રીન પ્લેનેટ ઈન્ટરનેશનલ દ્વારા તા. ૧૪મી જુલાઈ રવિવારે સવારે ૯.૩૦ કલાકે 'ટ્રી સમિટ ફોલોઅપ મિટીંગ ૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ટ્રી સમિટ ફોલોઅપ મિટીંગ સેકટર-૨૩ સ્થિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે યોજાશે. ગ્લોબલ વોર્મિંગના પગલે રાજયભરમાં વધતી જતી પર્યાવરણ સંબંધી સમસ્યાઓના નિવારણ માટે આ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

# અડાલજ પાસે આંગડીયા પેઢી ચલાવતા યુવકને માર માર્યો

## યુવકને ખોરજ કન્ટેનર ડેપોના બમ્પ પાસે રીક્ષામાં સવાર બે યુવકોએ જાનથી મારી નાંખવાની ધમકી આપી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં રહેતા અને અમદાવાદ ખાતે આંગડીયા પેઢી ચલાવતા યુવકને ગત તા. ૯ ના રોજ રાત્રીના ૯ વાગ્યાના અરસામાં માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. યુવકને ખોરજ કન્ટેનર ડેપોના બમ્પ પાસે રીક્ષામાં સવાર બે યુવકોએ ધોકા તેમજ ગડદા-પાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી છે. બનાવને પગલે યુવકે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૫ પ્લોટ નં. ૨૮૫-૨ ખાતે રહેતા રઘુવીર હરીશભાઈ વ્યાસ (મુળ. રહે. આશાપુરા આશિષ યમુના ફલોરમીલની બાજુમા, હેડ પોસ્ટ ઓફિસ ગાંધીગ્રામ જુનાગઢ) અમદાવાદ ખાતે ગ્રાન્ટ મોનાર કોમ્પ્લેક્ષ દુકાન નં. ૧૦૭ માં ભવાની એન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. રઘુવીરભાઈ ગત તા. ૯ ના રોજ રાત્રીના ૮.૨૦ વાગ્યાના અરસામાં દુકાન બંધ કરીને ગાંધીનગર આવવા માટે અલ્ટો કાર નં. જી.જે.૧૮.બી.એફ.-૪૮૯૨ લઈને નીકળ્યા હતા. ત્યારે રાત્રીના ૯ વાગ્યાની આસપાસ વૈષ્ણોદેવી સર્કલ થી તેમની આગળ એક રીક્ષા વાળો આમ થી તેમ રીક્ષા ચલાવતા રઘુવીરભાઈ કંટાળી ગયા હતા.ત્યારે ખોરજ કન્ટેનરના કટ પાસે બમ્પ આવતા રીક્ષા ચાલકે અચાનક બ્રેક મારી હતી. જેને પગલે યુવકે પણ અલ્ટો કારને બ્રેક મારી હતી. જેને પગલે ઈકો કારના ચાલકે પણ બ્રેક મારી હતી. આ સમયે રીક્ષામાંથી ઉતરેલા શખ્સોએ યુવકને ગાડી કેવી ચલાવે છે કહીને ગાડીમાંથી નીચે ઉતારી એક ધોકો બરડામાં અને એક ધોકો હાથ પર માર્યો હતો. તો સમયે પાછળથી આવેલા ઈકો ચાલકે પણ યુવકને ગાડી કેવી ચલાવે છે કહી ધોકો માર્યો હતો. આ સમયે અન્ય વાહનચાલકો આવી જતા આ ત્રણેય જતા રહ્યા હતા. જયારે રીક્ષામાં સવાર બંન્ને શખ્સોએ જતા જતા ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ ઝઘડાના સમય દરમિયાન યુવકના બે મોંઘાદાટ મોબાઈલ પડી ગયા હતા. જયારે યુવકે પરિવાર સાથે વાત બાદ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# સ્વામી તેજાનંદ ટ્રસ્ટ દ્વારા મંગળવારે સંતવાણી લોકડાયરો

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત સંગીત નાટક અકાદમીના સહયોગથી સ્વામી તેજાનંદ સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૧૬-૭-૨૦૧૯ મંગળવારે બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન ડૉ.આંબેડકર હોલ ખાતે ગુરૂપૂર્ણિમા અને સંતવાણી લોકડાયરો યોજાશે.

દિપક શ્રીમાળી, મોનાજી બારોટ, વર્ષા પંડયા અને નરેન્દ્ર શ્રીમાળી સંતવાણી-લોકડાયરો રજૂ કરશે. આ પ્રસંગે જગદીશભાઈ શ્રીમાળી-એડવોકેટ, પંકજ શ્રીમાળી-અધ્યાપક, જે.વી. શ્રીમાળી-માહિતી નિયામક, મહેશભાઈ શ્રીમાળી-નિવૃત્ત રજીસ્ટ્રાર, ભારતીબેન પુરાણી-નાયબ મામલતદાર, રમેશચંદ્ર પુરાણી-નિવૃત્ત આચાર્ય, જગદીશ પંડિત-મહામંત્રી મુળગામી બ્રાહ્મણ સમાજ તથા પ્રવીણભાઈ શ્રીમાળી ખાસ ઉપસ્થિત રહેશે.

મહર્ષિ સ્વામી શ્રી તેજાનંદ સેવા ટ્રસ્ટના પ્રમુખ ગંગારામ શ્રીમાળી, મહામંત્રી લાભશંકર દવે, ખજાનચી જગદીશભાઈ નાગર, ઉપપ્રમુખ એમ.જી. શ્રીમાળી, રમણલાલ વી. દવે-અડાલજ, ભાનુપ્રસાદ આર. શ્રીમાળી સલાહકાર-કડી અને ભીખાલાલ એમ. શ્રીમાળી-સહમંત્રી વગેરેએ ભાવિક ભકતોને ગુરૂપૂર્ણિમા ઉજવણી તથા સંતવાણીનો લાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.

## હસમુખ મેકવાન દિગ્દર્શિત નાટક 'વરૂ જોડે એક રાત' તા. ૧૯મીએ ટાઉનહોલ ખાતે ભજવાશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી ગાંધીનગર સાહિય સભા દ્વારા તા. ૧૯મી જુલાઈ શુક્રવારના રોજ રાત્રે ૯ કલાકે સેકટર-૧૭માં ટાઉનહોલ ખાતે મહિલા શકિત અને માનવ હૃદય પરિવર્તનનો સંદેશ આપતું હાડ ધ્રુજાવતું નાટક 'વરૂ જોડે એક રાત'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આબિદ સુરતી લિખિત આ નાટકનું ગાંધીનગરના વરિષ્ઠ નાટયકાર અન ગુજરાતી ફિલ્મોના ચરિત્ર અભિનેતા હસમુખ મેકવાન દ્વારા દિગ્દર્શન કરવામાં આવ્યું છે.

'વરૂ જોકે એક રાત' નાટકમાં ઉર્મિલા સોલંકી, ઉરેન અલમોલા, સંજય ક્રિશ્ચિયન, અર્પિત પરમાર, શેનોન કેન્ઝર, કિન્નરી દવે વગેરે કલાકારો અભિનયના અજવાળા પાથરી રહ્યા છે. નાટકમાં સંગીત સંચાલન નીરવ મેકવાનનું છે તથા પ્રકાશ આયોજન રાહુલ ગુમાને દ્વારા કરવામાં આવ્યું છે. આ નાટકને નિહાળવા ગાંધીનગરના નાટકરસિકોને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## ગુજરાત વિદ્યાધન શિષ્યવૃત્તિ અંતર્ગત ધો-૧૧માં પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા.૧૨

સરોજીની દમોદરન ફાઉન્ડેશન દ્વારા તેના વિદ્યાધન શિષ્યવૃત્તિ કાર્યક્રમ અંતર્ગત આર્થિક નબળી પરિસ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓ જેમણે ૨૦૧૯માં એસએસસીની પરીક્ષા પાસ કરી હોય તેમને ધો-૧૧માં પ્રવેશ માટે અરજી કરવા જણાવાયું છે.

ગુજરાત વિદ્યાધન શિષ્યવૃત્તિ અંતર્ગત આર્થિક રીતે અસક્ષમ વિદ્યાર્થીઓ કે જેમના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૨લાખથી ઓછી હોય અને વર્ષ ૨૦૧૯માં એસએસસીની પરીક્ષામાં ૯૦ ટકા અને અપંગતા ધરાવતા વિદ્યાર્થીઓ ૭૫ ટકા થી વધુ ગુણ મેળવ્યા હોય અને ગુજરાતમાં રહેતા હોય તેવા વિદ્યાર્થી ધો-૧૧માં પ્રવેશ માટે અરજી કરી શકે છે. પસંદગી કરવામાં આવેલા વિદ્યાર્થીઓને તેમના ધો-૧૧ અને ધો-૧૨ના અભ્યાસ માટે વાર્ષિક રૂ. ૬૦૦૦ની શિષ્યવૃત્તિ આપવામાં આવશે. અરજી તા. ૧૫ જુલાઈ સુધી કરી શકાશે તે માટે **vidyadhan.gujarat@sdfoundationindia.com** અથવા ૯૬૧૧૮૦૫૮૬૮ પર સંપર્ક કરવા અને વધુ માહિતી માટે **www.vidyadhan.org** પર વિઝીટ કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.



કેસરીસિંહ બિહોલા સાથે સે-૫ સિનીયર સિટીઝનના સભ્યો દ્વારા ગુજરાત વિધાનસભાની મુલાકાત લેવામાં આવી હતી તથા દરેક સભ્યોએ જનતા પક્ષના વિધાનસભાના દંડક પંકજભાઈ દેસાઈની રૂબરૂ મુલાકાત લીધી હતી.

## ઝુલેલાલ સાંઈબાબા મંદિરે નવમો ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૨

આગામી તા. ૧૬મી જુલાઈ મંગળવારના રોજ અષાઢ સુદ પૂર્ણિમા નિમિત્તે શહેરમાં પવિત્ર 'ગુરૂપૂર્ણિમા'નું પર્વ શ્રધ્ધાપૂર્વક ઉજવાશે. શહેરના સેકટર-૩૦માં આવલા ઝુલેલાલ સાંઈબાબા મંદિર 'સિંધુધામ' ખાતે નવમા ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રાજયના પૂર્વ શિક્ષણમંત્રી તથા ભારતીય સિંધુ સભાના મહિલા વિભાગના રાષ્ટ્રીય પ્રમુખ ડૉ. માયા કોડનાની મુખ્ય અતિથિપદે ઉપસ્થિત રહેશે. ગુરૂપૂર્ણિમા મહોત્સવનો પ્રારંભ સવારે ૫ કલાકે કાકડ આરતીથી થશે ત્યારબાદ મંગલ સ્નાન અભિષેક, શ્રૃંગાર આરતી, પાદુકાપૂજન જેવા કાર્યક્રમો યોજાયા બાદ બપોરે ૨ કલાકે મધ્યાહ્ન આરતી અને સાંજે ૫ કલાકે મહાઆરતી યોજાશે. ત્યારબાદ ભાવિક ભકતો માટે ૬ કલાકે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

## વૈવિધ્યસભર પુસ્તકોના વિતરણ સાથે યોજાઈ વધુ એક પુસ્તક પરબ



ગાંધીનગર, તા.૧૨

માતૃભાષા અભિયાન અંતર્ગત સેકટર-૬ના બગીચા ખાતે ધ્રુવ પ્રજાપતિ દ્વારા પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં વૈવિધ્યસભર પુસ્તકો સૌને આકર્ષીત કરતા હતા.

સેકટર-૬ના કોર્પોરેટર રાકેશ પટેલ, ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, વિષ્ણુભાઈ પ્રજાપતિ, વલ્લભભાઈ પ્રજાપતિએ હાજર રહીને આ સરસ પ્રવૃત્તિને બિરદાવી હતી. અહીં આવનાર સૌને બે પુસ્તકો મફત આપવામાં આવ્યા હતા. પુસ્તકો આપણા સાચા મિત્ર છે તેને સાચા અર્થમાં ચરિતાર્થ કરતી આ પ્રવૃત્તિ હવે ગાંધીનગરમાં સૌનો આવકાર મેળવી રહી છે.

## ધર્મની સાથે અહંકાર ભળે એટલે પ્રગતિ અટકે : પૂ. ઉદયવલ્લભસૂરિ મ.સા.

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં સેકટર-૨૨માં જૈન દેરાસર ખાતે ચાતુર્માસ માટે પધારેલ જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસૂરિ મ.સા.એ તેમની દૈનિક પ્રવચન શ્રેણીમાં આજે કહ્યું હતું કે, 'આપણી ગાડીના ટાયરમાં એક નાનું પંકચર પડતા જ આખી ગાડી તેની ગતિ ગુમાવે છે તેમ જયારે પણ ધર્મની સાથે અહંકાર ભળે છે ત્યારે ગાડીમાં પંકચર પડે છે અને જીવ તેની પ્રગતિ ગુમાવે છે. પ્રસંશા એ અહંકારની જનેતા છે, પ્રસંશાથી દૂર રહે છે તે અહંકારથી અને પરિણામે અધઃપતનથી દૂર રહે છે.'

ચાર મહિના શિયાળામાં ખજૂર-ખારેક ખાઈને જે શકિત મેળવી હોય છે તેને એક દિવસનો તાવ તોડી નાંખે છે તેમ એકવારનો અહંકાર વર્ષોની ધર્મ સાધનાની તાકાતને હણે છે. ધર્મ પોષણ માટે અને દોષ પ્રતિકારક શકિત મેળવવા માટે કરવાનો છે. સફળતાને 'પોતાના લીધે'ન માનતા દેવ ગુરૂ પસાય, માતા પિતાની કૃપા પરિવારના સહયોગ વગેરેને કારણે માનવાથી ઈન્કમનું એસેસમેન્ટ થઈ જાય છે. ટેકસ બેનિફિટની જેમ તે આપણાં ફાયદામાં છે.

# સ્કૂલ વાહનની ગતિ મર્યાદા નિયત કરાઈ

## સ્કૂલ વાહનો માટે રાજય વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયમો બહાર પડાયા : સ્કૂલ વાહનની ગતિ મર્યાદા૪૦ કિમી પ્રતિ કલાક નિયત કરાઈ

ગાંધીનગર, તા.૧૨

હાલમાં જ ફાયર સેફટી ધ્યાનમાં લઈ શહેરની દરેક શાળા, કોલેજ, પ્રાઈવેટ ટયુશન કલાસીસ, જાહેર બિલ્ડીંગ જેવી જગ્યાઓ પર ફાયર સેફટીની નોંધ લેવાઈ છે ત્યારે રાજય વાહન વ્યવહાર વિભાગ દ્વારા પણ રાજયમાં સ્કૂલ વાન, બસ કે રીક્ષાની ઘટનાઓને ધ્યાનમાં લઈ માર્ગ સલામતી માટે જરૂરી સુચનાઓ બહાર પાડવામાં આવી છે.

રાજય વાહન વ્યવહાર વિભાગ મુજબ સ્કુલ વર્ધીમાં જતી બસનો રંગ પીળો હોવો જોઈએ અને બસની આગળ અને પાછળના ભાગે સ્કૂલનું નામ મોટા અક્ષરે લખેલું હોવું જોઈએ. ડ્રાઈવરની માહિતી અને શાળાનો નંબર બસની અંદર કે બહારની તરફ સ્પષ્ટ પણે લખાયેલો હોવો જોઈએ. બસની બારીઓ પર આડી પટ્ટી કે જાળી હોવી જોઈએ. બસમાં પડદા કે કાચ પર ફિલ્મ લગાવેલી ન હોવી જોઈએ. ગતિ ।મર્યાદા ૪૦ કિમી પ્રતિ કલાકની હોવી જોઈએ. સ્કૂલબસની અંદર જીપીએસ અને સીસીટીવીની વ્યવસ્થા હોવી જોઈએ અને સ્કૂલબસમાં એલાર્મ કે મોટા અવાજવાળુ ધ્વનિ સંકેતનું સાધન હોવું જોઈએ જેથી આપત્તિના સમયે ચેતવણી આપી શકાય.



વાહન વ્યવહાર વિભાગ દ્વારા સૂચિત કરેલ અને મંજુરી ધરાવતી બસ જ બાળકોને મુસાફરી માટે ઉપયોગમાં લઈ શકાશે તે સિવાય મંજુરી ન ધરાવતી બસ કે ભાડે લીધેલી બસમાં બાળકો લઈ જઈ શકાશે નહિ.

બાળકોને શાળાએથી ઘરે લઈ જવા માટે ઓટોરીક્ષા કે મારૂતિવાન જેવા વાહનોનો વધુ ઉપયોગ થાય છે તેમાં આ વાહનોની બેઠક ડ્રાઈવર સિવાય ૧૨ મુસાફરો સુધી હોવી જોઈએ. જેમાં સ્કૂલવર્ધીના વાહનોમાં ૧૨ વર્ષ સુધીના બાળકો માટે ૧ સીટ દીઠ બે બાળકો બેસી શકશે તેમ જોગવાઈ છે. આ વાહનોમાં પણ સારવાર પેટી, પીવાનું પાણી તેમજ અગ્નિશામક સાધનો ફરજીયાત રાખવાનું જણાવાયું છે. બાળકોને બેસવા માટેની સીટ કુશન સાદી સપાટીવાળુ હોવું જોઈએ. બારી બંધ હોવી જોઈએ જેથી બાળકોનો હાથ બહાર આવી શકે નહિ.

સ્કૂલવાન રીક્ષા અને બસ અંગેના પગલા ઉપરાંત આ વાહનને ચલાવવા માટે ડ્રાઈવરોએ ફોટોવાળો બેઝ પહેરવો જરુરી છે તથા મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ પ્રમાણે ડ્રાઈવર પાસે વીમો, ટેક્ષ, પરમીટ, પીયુસી અને અધિકૃત ડ્રાઈવીંગ લાયસન્સ હોવું જરુરી છે તથા સ્કુલ સત્તાધિકારીઓએ માલિક સાથે માન્ય કરેલા કરારની નકલ પણ ડ્રાઈવરે સાથે રાખવી જરુરી છે તેમ રાજય વાહન વ્યવહાર વિભાગ દ્વારા બહાર પડેલા નિયમોમાં જણાવાયું છે.

## આજે સે-૫-બીમાં ગૌરી અને જયા-પાર્વતી વ્રત નિમિત્તે ભજન સંધ્યા યોજાશે

ગાંધીનગર, તા.૧૨

જિલ્લા મહિલા વિવિધ ઉત્પાદક સહકારી મંડળી અને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા ગૌરી વ્રત અને જયા-પાર્વતી વ્રત નિમિત્તે સે-૫-બી ખાતે તા. ૧૩ જુલાઈના રોજ ભજન સંધ્યા યોજાશે.

મહાકાળી માતાજી મંદિર સે-૨-બી ખાતે રાત્રે ૮ થી ૧૨ દરમિયાન યોજાનાર કાર્યક્રમમાં મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટના પ્રમુખ પ્રેમલસિંહ ગોલ, વસાહત મંડળના પ્રમુખ કેસરીસિંહ બિહોલા, મહાકાળી મંદિરના સીતારામભાઈ બાપુ તથા ભાનુપ્રસાદ દવે ઉપસ્થિત રહેશે. દમંયતિબેન બારોટ, ગોવિંદભાઈ ગઢવી, મનિષભાઈ શ્રીમાળી-રમઝટ કલાવૃંદના કલાકારો દ્વારા શબ્દસુર સાથે ભજન રજૂ કરવામાં આવશે. નગરજનોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા વીણાબેન રાજગોર, ગુજરાત રાજય સંગીત અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ અને સભ્ય સચિવ જયોતિષ ભટ્ટ દ્વારા જણાવાયું છે.

## આજે વિના મૂલ્યે જયોતિષીય માર્ગદર્શન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

વાઘશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૧૩ જુલાઈના રોજ વિના મુલ્યે જયોતિષીય માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦ થી ૧૨.૩૦ કલાક તથા સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન હરિગોલ્ડ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૧૨૧, કુડાસણ ખાતે યોજાનાર કેમ્પમાં હસ્તરેખા, કુંડળી, અંક શાસ્ત્ર, ટેરોટ કાર્ડ, પ્રશ્ન કુંડળી, પેન્ડુલમ, રમલશાસ્ત્ર દ્વારા સચોટ માર્ગદર્શન આપવામાં આવશે. સંસ્થા દ્વારા વિના મુલ્યે આ કેમ્પનો લાભ લેવા નગરજનોને જણાવાયું છે.

## આજે જિલ્લા પુસ્તકાલયમાં જૂનાં સામયિકોનું વેચાણ

ગાંધીનગર, તા.૧૨

સરકારી જિલ્લા પુસ્તકાલય સેકટર-૨૧ ગાંધીનગર ખાતે તા. ૧૩-૭-૨૦૯ના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન જુના સામયિકોનું (સામાજિક, મહિલા, બાળ સાહિત્ય, સાયન્સ, જયોતિષ વગેરે વિષયના) વેચાણ રાખવામાં આવેલ છે જેનો લાભ ગાંધીનગરની જનતા લે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

## સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા શિવ આરાધના યોજાશે

ગાંધીનગર, તા.૧૨

સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૬ દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમિયાન તા. ૧ ઓગષ્ટ થી ૩૦ ઓગષ્ટ સુધી દરરોજ રાત્રે ૯ થી ૧૦ દરમિયાન ભોળાનાથની શિવ આરાધનાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંદર્ભે સે-૨૬ના સર્વે રહીશ બ્રહ્મ પરિવારોને પોતાના ઘરે શિવપુજા અને મહિમ્ન પાઠ કરાવવા માટે દિવ્યેશભાઈ શાસ્ત્રી ૯૪૨૬૪૨૦૨૫૯ અને નીતિનભાઈ જોષી ૯૯૨૪૮૮૩૫૪૯નો સંપર્ક કરવા જણાવાયુ છે. સાથે સાથે ૨૫ ઓગષ્ટ પહેલા જુ.કેજીથી ધો-૧૨ના વિદ્યાર્થીઓનો સરસ્વતી સન્માન સમારંભ યોજાવવાનો હોવાથી માર્કશીટ જમા કરાવવા સંસ્થાના પ્રમુખ મહેશભાઈ પુરોહિત દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ પ્રેમસાગર ઘનશ્યામભાઈ, ઉ.વ. ૨૬
- સ્વ. વિષ્ણુભાઈ પુરુષોત્તમદાસ શ્રીમાળી, ઉ.વ. ૫૨
- સ્વ. રેણુકાબેન ભાવેશજી સોલંકી, ઉ.વ. ૧૮
- સ્વ. પટેલ ઘનશ્યામભાઈ કાન્તીલાલ, ઉ.વ. ૫૨